દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

કોંગ્રેસની સરકારને ગબડાવી હતી જ્યારે મહારાષ્ટ્રમાં શિવસેનામાં ભાગલા પાડ્યા હતા.

ભાજપના ઘણા નેતા માને છે કે, કર્ણાટકના પરિણામો સ્પષ્ટપણે દર્શાવે છે કે, ઓપરેશન લોટસને લોકોએ નકારી કાઢ્યું છે. સત્તા કામ કરતી ભાજપની તોડો અને સરકાર બનાવોની નીતિથી પક્ષપલટુઓને સત્તા મળે છે તેથી પક્ષમાં પણ વ્યાપક અસંતોષ ઉભો થયો છે.

મુસ્લિમોના મતો અકબંધ રહ્યા

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે ભાજપ અને જેડીએસના પરંપરાગત ગઢ ગણાતા વિસ્તારોમાં સારો દેખાવ કર્યો જ છે પણ સૌથી નોંધપાત્ર બાબત તમામ મુસ્લિમોના મતોને પોતાવી તરફ વાળવામાં મેળવેલી સફળતા છે.

કર્ણાટકમાં જૂના મૈસૂરમાં મુસ્લિમ મતો નોંધપાત્ર છે. આ વિસ્તાર જેડીએસનો ગઢ માનવામાં આવતો હતો. છેલ્લી ઘણી વિધાનસભા ચૂંટણીઓમાં આ વિસ્તારમાં જીતીને જેડીએસ કિંગમેકર બની જતો હતો. આ વિસ્તારની મોટા ભાગની બેઠકો જેડીએસને ફાળે જતી હતી. આ વખતે જૂના મૈસૂરની ૪૯ બેઠકોમાંથી કોંગ્રેસ ૩૦ બેઠકો પર જીત મેળવી છે જ્યારે જેડી(એસ)ને ફાળે ફક્ત ૧૪ બેઠકો આવી છે. ભાજપે પાંચ બેઠકો જીતી છે.

રાજકીય વિશ્લેકોના મતે, આ પરિણામો સૂચવે છે કે, મુસ્લિમોને અહેસાસ થયો છે કે, પોતાના મતોનું વિભાજન થશે તો તેનો ફાયદો ભાજપને જ થાય છે તેથી આ વખતે તેમણે મતોનું વિભાજન થવા દીધું નથી.

લોકસભાના ઉમેદવારો માટે કોંગ્રેસ સર્વે કરશે

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની ભવ્ય જીતના પગલે ચૂંટણી વ્યૂહરચનાકાર સુનિલ કાનુગોલુનનું મહત્વ વધી ગયું છે. ૨૦૧૮ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ માટે કામગીરી કરનારા કાનુગોલુને કોંગ્રેસે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી સહિતની વ્યૂહરચનાનું કમ સોંપી દીધું છે.

કોંગ્રેસના નેતા સ્વીકારે છે કે. કર્ણાટકની જીતમાં કાનુગોલુની રણનીતિનો મોટો ફાળો છે. કોંગ્રસ માટે કાનુગોલુએ છેલ્લા આઠ મહિનામાં પાંચ સર્વે કર્યા હતા અને કેટલીક બેઠકોને બાદ કરતાં, ઉમેદવારોની પસંદગી સુનિલ કાનુગોલુની ટીમ દ્વારા કરવામાં આવેલા સર્વેના આધારે કરવામાં આવી હતી. આ સર્વેના આધારે ૭૦ જેટલી હોટ મનાતી બેઠકો અલગ તારવીને આ બેઠકો પર ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીએ દેશના જુદા જુદા ભાગોમાંથી બોલાવેલા નિરીક્ષકોની નિમણૂક કરી હતી. આ પૈકી ૬૦ બેઠકો પર કોંગ્રેસ જીતી છે અને તેના કારણે જ ફરક પડી ગયો છે.હવે સુનિલ કાનુગોલુની જ ફોર્મ્યુલાના આધારે ૨૦૨૪ લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસની ઈલેક્શન ટાસ્ક ફોર્સ ઉમેદવારોની પસંદગી કરશે.

જ્યોતિષની આગાહી, રાહુલના અચ્છે દિન પાછા આવશે

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની ભવ્ય જીત થઈ છે ત્યારે એક વીડિયો વાયરલ થયો છે. આ વીડિયોમાં આગાહી કરાઈ હતી કે, આ ચૂંટણીમાં કોંગ્રેસની જીત થશે અને કોંગ્રેસને સ્પષ્ટ બહુમતી મળશે. ત્રણ સપ્તાહ પહેલાં જ્યોતિષે કરેલી આગાહી સાચી પડી છે.

આ વીડિયોમાં કર્ણાટકની વિધાનસભા ચૂંટણીમા કોની જીત થશે, રાહુલ ગાંધીનું રાજકીય ભવિષ્ય શું છે અને કોણ મુખ્યમંત્રી બનશે એ વિશે પણ આગાહી કરાઈ હતી. આ આગાહી પ્રમાણે કોંગ્રેસની જીત થઇ તો ડી. કે. શિવકુમાર માટે મુખ્યમંત્રી બનવાની તક વધારે છે. આ આગાહી પણ સાચી પડતાં કોંગ્રેસીઓ ઉત્સાહમાં છે કેમ કે જ્યોતિષે રાહુલ ગાંધીનું ભાવિ ઉજ્જવળ હોવાની આગાહી કરી છે.

કોંગ્રેસ જીતતાં સૂદને શાહ સીબીઆઈમાં લઈ આવ્યા

સીબીઆઈ ડાયરેક્ટરના મહત્વના હોદ્દા માટે કર્ણાટકના પોલીસ વડા પ્રવિણ સૂદની પસંદગીએ આશ્ચર્ય સર્જ્યું છે. પ્રવિણ સૂદનું નામ આ હોદ્દા માટે લાયક ગણાતા અધિકારીઓની પેનલમાં જ નહોતું. છેલ્લી ઘડીએ તેમનું નામ ઉમેરવામાં આવ્યું હતું.

અમિત શાહના કારણે સૂદ ફાવી ગયાનું મનાય છે. સૂદને કર્ણાટક કોંગ્રેસ પ્રમુખ શિવકુમારે ભાજપના પીઠ્ઠુ અને નકામા અધિકારી ગણાવ્યા હતા. કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર આવતાં જ તેમને શાહ કેન્દ્રમાં લઈ આવ્યા છે.

વડાપ્રધાન મોદી, ચીફ જસ્ટિસ ઓફ ઈંડિયા અને વિપક્ષના નેતા અધીર રંજન ચૌધરીની બનેલી પેનલે આ પસંદગી કરી છે પણ ચૌધરીએ સૂદની પસંદગી સામે વાંધો લીધો છે. જો કે વડાપ્રધાન અને ચીફ જસ્ટિસે મંજૂરીની મહોર મારતાં સૂદની પસંદગી નિશ્ચિત મનાય છે.

આ પહેલાં એવી અટકળો ચાલી હતી કે, સુબોધ કુમાર જયસ્વાલનો કાર્યકાળ વધારાઈ શકે છે. મહારાષ્ટ્ર કેડરના ૧૯૮૫ બેચના IPS અધિકારી અને મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર જયસ્વાલ સ્વચ્છ ઈમેજ ધરાવતા અધિકારી છે.

હરિયાણામાં ઓફિસોમાં દારૂ પીવાની છૂટ

હરિયાણાની ખટ્ટર સરકારે એક્સાઈઝ પોલિસીમાં ફેરફાર કરીને મોટી કોર્પોરેટ ઓફિસમાં કર્મચારીઓને દારૂ પીવાની છૂટ આપતાં વિવાદ સર્જાયો છે. ખટ્ટર સરકાર કમાણીની લાલચમાં ઓફિસોનું કલ્ચર બગાડીને મહિલાઓ માટે ખતરો ઉભો કરી રહી હોવાની ટીકા થઈ રહી છે કેમ કે દારૂ પીવાની છૂટનું લાયસંસ મેળવવા કંપનીઓએ વાર્ષિક ૧૦ લાખ રૂપિયા ચૂકવવા પડશે. ખટ્ટર સરકારે પર્યાવરણ અને પશુ કલ્યાણ 'ગૌ સેવા' માટે ૪૦૦ કરોડ રૂપિયા એકઠા કરવા આ છૂટ આપી છે તેથી એવા કટાક્ષ પણ થઈ રહ્યા છે કે, ભાજપ હવે દારૂની કમાણીમાંથી ગૌ સેવા કરશે.

નવી નીતિ પ્રમાણે કર્મચારીઓ ઓફિસમાં આલ્કોહોલ ઓછો હોય એવાં ડ્રિંક્સ પી શકશે. બીયર, વાઈન અને રેડી-ટુ-ડ્રિંક સહિતનાં લો-વોલ્યુમ આલ્કોહોલિક પીણાં આ કેટેગરીમાં આવે છે. જો કે ઓછામાં ઓછા ૫,૦૦૦ કર્મચારીઓ ધરાવતી કોર્પોરેટ ઓફિસમાં જ બીયર, દારૂ અને રેડી-ટુ-ડ્રિંક પીણાંને મંજૂરી આપવામાં આવશે. ૧ લાખ ચોરસ ફૂટથી વધુ કવર્ડ વિસ્તાર ધરાવતી ઓફિસો પણ લાઈસન્સ લઈ શકે છે.

***

કર્ણાટક કોંગ્રેસમાં કમઠાણ : નેતા કોણ?

કર્ણાટકમાં નોંધપાત્ર જીત પછી હવે એના પાટનગર બેંગલુરૂની ભીંતો પર પોતાના 'માણસ' ને મુખ્યમંત્રીપદે બેસાડવા માટે કર્ણાટક પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ડી.કે. શિવકુમાર અને પૂર્વ વિપક્ષી નેતા સિધ્ધારામૈયાના ટેકેદારો વચ્ચે પોસ્ટર વોર ફાટી નીકળ્યું છે. ડી.કે. શિવકુમારે, વિદાય લેતા મુખ્યમંત્રી બસવરાજ બોમ્માઈએ ગઈ સાંજે હાર સ્વીકારી એના ટૂંકા ગાળામાં જ મુખ્યમંત્રીપદ માટે પોતાનો દાવો રજૂ કર્યો હતો. એમણે ગાંધી કુટુંબ (અને કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે)નો આભાર માન્યો છે. એમણે ૨૦૨૦માં દિલ્હી જેલમાં પોતાને મળવા આવેલા સોનિયા ગાંધી પ્રત્યે આંખમાં આંસુ સાથે અહોભાવ વ્યક્ત કર્યો. બીજી તરફ સિધ્ધારામૈયા છે જેઓ પક્ષનો વધુ લોકપ્રિય ચહેરો ગણાય છે. રાજ્યના સર્વોચ્ચ સ્થાને બેસવા માટે સંવેદનશીલતાના કોઇ અલગ મુદ્દા પર આધાર રાખતા હોય એમ બને.

રાહુલને આઘા રાખવા એ કોંગ્રેસને લાભકર્તા : માલવિય

કર્ણાટકની સફળતા માટે રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાને યશ અપાઇ રહ્યો છે ત્યારે ભાજપના રાષ્ટ્રીય પ્રવકતા અમિત માલવીયે, 'લોકોની સત્તાએ મૂડીવાદની પરમ દોસ્ત એવી તાકાતને પરાસ્ત કરી દીધી.' એ મતલબના રાહુલ ગાંધીના નિવેદનનો ઉપહાસ કરતા કહ્યું કે રાહુલ ગાંધીને દૂર રાખવાથી કોંગ્રેસને હિમાચલપ્રદેશથી કર્ણાટક સુધી લાભ થતો હોવાનું જણાય છે.

ઉરિમાં ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવાયો

બારામુલ્લા જિલ્લાસ્થિત અંકુશરેખાની સાથે ઉત્તર કાશ્મિરના ઉરિ સેકટરમાં આવેલી અંકુશરેખા પરથી ભારતમાં ઘૂસણખોરીનો બીજો પ્રયાસ નિષ્ફળ બનાવાયો હોવાનો લશ્કરે શનિવારે દાવો કર્યો છે. લશ્કરના મતે ઘૂસણખોરો જી-૨૦ શિખરના કાર્યક્રમમાં ખલેલ પાડવા ઇચ્છતા હતા. લશ્કરે કહ્યું કે ઘૂસણખોરોને ટાંકવા માટે પાકિસ્તાન સૈન્યે ક્વાડકોપ્ટર ઉડાડ્યું હતું. અંકુશ રેખા ઓળંગવાની કોશિશ કરતા સશસ્ત્ર ત્રાસવાદીઓના જૂથ અને ભારતના જાગૃત સૈન્ય વચ્ચે સામસામા ગોળીબાર થયા હતા, પરિણામે કાશ્મિર ખીણમાં ઘૂસવાનો પ્રયાસ નિષ્ફળ નીવડ્યો છે. પાકિસ્તાનનું ક્વાડકોપ્ટર પણ અંકુશરેખા ખાતે મળી આવ્યું હતું, જેના પર ગોળીબાર કરાતા, પાકિસ્તાને એને પરત ખેંચી લીધું હતું, એમ સંરક્ષણ ખાતાના પ્રવકર્તાએ જણાવ્યું.

હવે, ભાજપ કાશ્મિર વિધાનસભાની ચૂંટણી યોજશે નહિ : ઓમર

નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાએ કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં હારેલા ભાજપ પર તેજાબી પ્રહાર કરતા કહ્યું કે હવે ટૂંકા ગાળામાં, જમ્મુ અને કાશ્મિર વિધાનસભાની ચૂંટણી યોજવા માટેની હિંમત ભાજપમાં બચી હોય એ શક્ય નથી. નેશનલ કોન્ફરન્સના ઉપાધ્યક્ષ ઓમર અને એમના પિતા તથા પક્ષના અધ્યક્ષ ડો. ફારૂખ અબ્દુલ્લાએ રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાને ટેકો આપ્યો હતો. અત્રે જાણવું રસપ્રદ થઇ પડશે કે પીડીપીના મહેબૂબા મુફ્તિના નેતૃત્વયુક્ત જમ્મુ-કાશ્મિરની તત્કાલીન મોરચા સરકારને ભાજપે પાંચ વર્ષ અગાઉ ટેકો પાછો ખેંચી લીધો એ પછી જમ્મુ-કાશ્મિર વિધાનસભાનું વિસર્જન કરાયું છે. એ પછી અમલી બનેલા લેફ્ટેનન્ટ ગવર્નરના વહીવટી તંત્રે લોકસંપર્ક ગુમાવી દીધો હોવાનું કારણ રજૂ કરીને રાજ્યના મુખ્ય પ્રાદેશિક પક્ષો ત્યાં વિધાનસભા ચૂંટણી યોજવાની માગણી કરતા રહ્યા છે.

ગોવડા કુટુંબમાં વિખવાદથી જેડી (એસ)નો નબળો દેખાવ

પૂર્વ વડાપ્રધાન એચ.ડી. દેવેગૌડાના નેતૃત્વયુક્ત જનતા દળ (સેક્યુલર)ને ૨૨૪ બેઠકોવાળી કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં ફક્ત ૧૯ બેઠકો જ મળી છે, જે દર્શાવે છે કે એમના પક્ષની વોક્કાલિગા નીતિના મતદારો પરની પકડ ઓસરી રહી છે, જેથી જેડી(એસ)ને લઘુમતીના મતો મળી શક્યા નથી. દક્ષિણ કર્ણાટકના, વોક્કાલિગા લોકોની બહુમતીવાળા ૧૧ જિલ્લાઓમાં જનતા દળ (એસ)ને ૭૩ બેઠકોમાંથી ફક્ત ૧૫ જ મળી છે. દેવેગોવડા પરિવારમાં કથિત વિખવાદથી, જનતા દળ (એસ)ના પરંપરાગત ટેકેદારો એવા વોક્કાલિગા જાતિના મતદારો ગોવડાથી દૂર જતા રહ્યા છે, જેનો ફાયદો ડી.કે. શિવકુમારના નેતૃત્વમાં કોંગ્રેસે મેળવી લીધો છે. શિવકુમાર વોક્કાલિગા નેતા છે. કોઇ જમાનામાં ગોવડા ભૂમિ તરીકે ઓળખાતા કર્ણાટકના દક્ષિણ પ્રદેશમાં કોંગ્રેસે ૭૩ બેઠકોમાંથી ૪૪ બેઠકો જીતી છે.

- ઈન્દર સાહની

શિવકુમાર વિ.

(પહેલા પાનાનું ચાલુ)

કહેવું છે.

બેંગ્લુરુની ખાનગી હોટેલમાં સાંજે ૫.૩૦ કલાકે કોંગ્રેસ વિધાનસભા પક્ષની બેઠક મળી હતી. એકબાજુ હોટેલની અંદર બેઠક ચાલી રહી હતી, બીજીબાજુ શિવકુમાર અને સિદ્ધારમૈયાના સમર્થકો તેમના નેતાની તરફેણમાં સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. આ સિવાય બંને નેતાઓના સમર્થકો વચ્ચે રવિવારે પોસ્ટર વોર ફાટી નીકળી હતી. સિદ્ધારમૈયાના સમર્થકોએ બેંગ્લુરુમાં તેમના ઘરની બહાર પોસ્ટર લગાવ્યું, 'કર્ણાટકના નવા મુખ્યમંત્રી'. બીજીબાજુ ડીકે શિવકુમારના સમર્થકોએ તેમના ઘરની બહાર પોસ્ટર લગાવ્યું, 'કર્ણાટકના નવા મુખ્યમંત્રીને જન્મદિનની શુભેચ્છા.'

વધુમાં કર્ણાટકના વોક્કાલિગા સમાજે તેમના સૌથી મોટા નેતા ડીકે શિવકુમારને મુખ્યમંત્રી બનાવવાની ભલામણ કરી છે. શિવકુમારનું જૂથ નાયબ મુખ્યમંત્રીપદ માટે સમજૂતીના મૂડમાં નથી. સિદ્ધારમૈયા તેમની લોકપ્રિયતા અને સામાજિક જનાધારના કારણે સીએમપદની રેસમાં આગળ છે. સૂત્રોએ ઉમેર્યું કે, સીએલપીની બેઠક પછી હવે ડીકે શિવકુમાર અને સિદ્ધારમૈયા સોમવારે દિલ્હી જશે અને ખડગે સાથે મુલાકાત કરશે. મુખ્યમંત્રીનું નામ પસંદ કરવામાં હાઈકમાન્ડને બેથી ત્રણ દિવસનો સમય લાગશે તેમ સૂત્રોનું કહેવું છે.

શિવકુમાર માટે કોંગ્રેસ પર દબાણ કરવા આદિચુનચુનગિરિ સ્વામી અને વોક્કાલિગા સંઘના સભ્યો સહિત વિવિધ વોક્કાલિગા સંતોએ પણ રવિવારે એક બેઠક કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે ડીકે શિવકુમારને લિંગાયત સમાજનું પણ સમર્થન છે. કર્ણાટકમાં લિંગાયત પછી બીજા સૌથી પ્રભાવશાળી સમાજના સૂત્રોનું કહેવું છે કે ડીકે શિવકુમારને મુખ્યમંત્રી તરીકે જોવા માટે જ તેમણે ૨૫ વર્ષ પછી સામુહિકરૂપે કોંગ્રેસને મત આપ્યા છે.

અગાઉ એઆઈસીસીના મહાસચિવ કેસી વેણુગોપાલ સાથે કોંગ્રેસના કેન્દ્રીય નિરીક્ષકોએ વિદાય લઈ રહેલી વિધાનસભામાં વિપક્ષના નેતા સિદ્ધારમૈયા અને કર્ણાટક પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ડીકે શિવકુમાર સાથે બેઠક યોજી હતી. કોંગ્રેસ પ્રમુખ ખડગેએ મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી સુશિલકુમાર શિંદે, એઆઈસીસીના મહાસચિવ જિતેન્દ્રસિંહ અને એઆઈસીસીના પૂર્વ મહાસચિવ દીપક બાબરીયાની સીએલપી નેતા એટલે કે મુખ્યમંત્રીની ચૂંટણી માટે નિરીક્ષકો તરીકે નિમણૂક કરી હતી.

કોંગ્રેસ સૂત્રોના જણાવ્યા મુજબ મધ્ય પ્રદેશ, પંજાબ અને રાજસ્થાનમાં બે કદાવર નેતાઓ વચ્ચેની લડાઈમાંથી બોધપાઠ લઈને હાઈકમાન્ડ કર્ણાટકમાં બે કદાવર નેતાઓ ડીકે શિવકુમાર અને સિદ્ધારમૈયાને અઢી-અઢી વર્ષ મુખ્યમંત્રી બનાવવા માટે સમજૂતી કરે તેવી સંભાવના છે.

JOIN OUR TEAM

Positions	Experience
Sr. Site Engineer	B.E. CIVIL + D.E. CIVIL

Location - NARMADA

Mo. 9313781203 - K.C.Co.

ભારત ઉપરાંત અન્ય ૩૭ દેશોમાં પણ રીલીઝ થઈ

ધી કેરલ સ્ટોરીની માત્ર નવ જ દિવસમાં ૧૧૨ કરોડની કમાણી

મુંબઈ, તા. ૧૩

આતંકવાદી જૂથ ઈસ્લામિક સ્ટેટ (આઈએસ) દ્વારા બળજબરીથી ધર્માંતરણ અને મહિલાઓની ભરતી પરની વિચારપ્રેરક ફિલ્મ "ધ કેરલ સ્ટોરી" એ ભારતમાં રિલીઝ થયા પછી જબરદસ્ત ચર્ચાનો વિષય બની છે અને બોક્સ ઓફિસ પર સફળતા મેળવી છે. માત્ર નવ દિવસમાં, ફિલ્મે રૂા. ૧૧૨.૯૯ કરોડની પ્રભાવશાળી કમાણી કરી છે હોવાનું ફિલ્મના નિર્માતાઓ દ્વારા જણાવાયું છે.

સુદીપ્તો સેન દ્વારા નિર્દેશિત અને અદા શર્મા અભિનીત આ ફિલ્મ દેશના રાજકીય લેન્ડસ્કેપમાં ચર્ચાનો મુદ્દો બની ગઈ છે. અમુક રાજ્યોમાં તેના પર પ્રતિબંધ લાગ્યો છે તો અમુક રાજ્યમાં તેને ટેક્સફ્રી જાહેર કરાઈ છે. ધી કેરળ સ્ટોરી પાંચમી મેના રોજ થિયેટરોમાં રજૂ થઈ હતી અને ત્યારથી સમગ્ર દેશમાં ચર્ચા અને વિવાદનું કેન્દ્ર બની છે.

શનિવારે ફિલ્મના કુલ બોક્સ ઓફિસ કલેક્શનમાં રૂા. ૧૯.૫ કરોડનો નોંધપાત્ર ઉમેરો થયો હતો. ભારતમાં સફળ થવા સાથે ધી કેરળ સ્ટોરી ૧૨મી મેના રોજ ૩૭ અન્ય દેશોમાં પણ રિલીઝ થઈને વૈશ્વિક દર્શકો સુધી પહોંચી છે.

વિપુલ શાહ નિર્મિત આ ફિલ્મમાં બળજબરી અને છેતરપિંડીથી ધર્માંતરનો ભોગ બનેલી અને ત્યારબાદ આતંકી સંગઠનમાં જોડાવવાની ફરજ પડાયેલી કેરળની મહિલાઓની દુર્દશા દર્શાવવામાં આવી છે. એક તરફ પશ્ચિમ બંગાળ જેવા રાજ્યમાં આ ફિલ્મ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તો તમિલ નાડુમાં મલ્ટીપ્લેક્સોએ કાયદો અને વ્યવસ્થાના બહાને ફિલ્મ દર્શાવવાનું બંધ કર્યું છે. એનાથી વિપરીત ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશ જેવા ભાજપ શાસિત રાજ્યોમાં ફિલ્મને કરમુક્ત જાહેર કરાઈ છે.આ બાબતના મહત્વને ઓળખીને સુપ્રીમ કોર્ટે દખલગીરી કરીને પશ્ચિમ બંગાળ અને તમિલ નાડુ સરકારો પાસેથી આ રાજ્યોમાં રજૂઆત અયોગ્ય રીતે નકારવામાં આવી હોવાની નિર્માતાઓની અરજીનો જવાબ આપવા જણાવ્યું હતું.

ધર્મ પરિવર્તન અને તેની અસરો વિશે મહત્વની ચર્ચાને પ્રોત્સાહન આપીને ધી કેરળ સ્ટોરીએ દર્શકોને આકર્ષવાનું ચાલુ રાખ્યું છે. બોક્સ ઓફિસ પર પ્રભાવશાળી પ્રદર્શન સમકાલીન સોસાયટીમાં ફિલ્મની અસર અને સુસંગતતાનો બોલતો પુરાવો છે.

કેરળમાં મહિલાઓને ફોસલાવીને ધર્માંતરણ પછી આતંકી સંગઠનમાં સામેલ કરાતી હોવાની વાર્તાએ વિવાદ જગાવ્યો

કર્ણાટકના ડીજીપી

(પહેલા પાનાનું ચાલુ)

અને કર્ણાટક કેડરના ૧૯૮૬ની બેચના આઈપીએસ અધિકારી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્ય ન્યાયાધીશ ધનંજય યશવંત ચંદ્રચૂડ અને લોકસભામાં વિપક્ષના નેતા અધિર રંજન ચૌધરીને સમાવતી હાઈ પાવર સમિતિની બેઠકમાં પ્રવીણ સૂદના નામ પર મંજૂરીની મહોર વાગી હતી. જોકે, સૂદના નામ પર અધિર રંજન ચૌધરીએ વાંધો ઉઠાવ્યો હતો. ચૌધરીએ વિસ્તારપૂર્વક પ્રવીણ સૂદના વિરોધમાં દલીલો કરી. ચૌધરીએ મુખ્યત્વે એ બાબતે વાંધો ઊઠાવ્યો હતો કે પ્રવીણ સૂદ આઈપીએસ અધિકારીઓના એ પૂલનો ભાગ નહોતા જે કેન્દ્રમાં ડીજીપી સ્તરે સેવા યોગ્ય હોય. જોકે, વડાપ્રધાન મોદી અને મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચૂડનું સમર્થન મળતાં પ્રવીણ સૂદની દાવેદારી ખૂબ જ મજબૂત થઈ ગઈ. રવિવારે બપોરે તેમની નિમણૂકની જાહેરાત કરાઈ હતી. સૂત્રોના મુજબ મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચૂડ કેબિનેટ નિમણૂક સમિતિને મોકલાયેલા ત્રણ નામોમાં સૌથી વરિષ્ઠ અધિકારીને સીબીઆઈ નિર્દેશક બનાવવાની તરફેણમાં હતા. સૂદ ૩૧ મે ૨૦૨૪ના રોજ નિવૃત્ત થવાના હતા. હવે સીબીઆઈ ડિરેક્ટર બનાવાતા તેમનો કાર્યકાળ મે ૨૦૨૫ સુધી ફિક્સ થઈ શકે છે. સીબીઆઈ ડિરેક્ટર બનવાની રેસમાં અન્ય બેઅધિકારીમાં સીઆઈએસએફ પ્રમુખ શીલવર્ધન સિંહનું નામ હતું, જે ઑગસ્ટમાં નિવૃત્ત થઈ રહ્યા છે જ્યારે એનએસજી પ્રમુખ એમએ ગણપતિ માર્ચ ૨૦૨૪માં નિવૃત્ત થશે. આઈપીએસ અધિકારી પ્રવીણ સૂદનો જન્મ હિમાચલ પ્રદેશમાં વર્ષ ૧૯૬૪માં થયો હતો. તેમણે આઈઆઈટી દિલ્હીથી ગ્રેજ્યુએશન કર્યું. કર્ણાટક કેડરના અધિકારીએ રાજ્યમાં વિવિધ પદો પર કામ કર્યું છે. ૨૦૧૧માં વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ દ્વારા પોલીસ પદકથી તેમનું સન્માન કરાયું હતું.

લંડનમાં દુનિયાનું

(પહેલા પાનાનું ચાલુ)

નુકસાનકારક જેનેટિક મ્યુટેશન થવાની સંભાવના નહીવત છે. આ બાળકના ડીએનએને ખાસ બનાવવા માટે આઈવીએફ ટેકનિકનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

વૈજ્ઞાનિકોએ આ માટે સ્વસ્થ મહિલાના ઈંડામાંથી ટિશ્યુ લઈને આઈવીએફ ભ્રૂણ તૈયાર કર્યું હતું. આ ગર્ભમાં જૈવિક માતા-પિતાના શુક્રાણુ અને ઈંડાના મિટોકોન્ડ્રિયા એક સાથે ભળી ગયા હતાં. આ બાળકમાં માતા-પિતાના ડીએનએની સાથે ત્રીજી સ્ત્રી ડોનરના જેનેટિક મટિરિયલમાંથી ૩૭ જનીનો દાખલ કરવામાં આવ્યા હતાં.

આ બાળકને એમડીટી પ્રોસેસથી બનાવવામાં આવ્યું છે. આ પ્રોસેસમાં પિતાના સ્પર્મની મદદથી માતાના ઈંડાને ફર્ટિલાઈઝ કરવામાં આવે છે. ત્યારબાદ, બીજી કોઈ સ્વસ્થ મહિલાના ઈંગ્સમાંથી ન્યુક્લિયર જેનેટિક મટિરિયલ નીકાળીને તેને માતા-પિતાના ફર્ટિલાઈઝ ઈંડા સાથે મિક્સ કરવામાં આવે છે.

પાકે. નવો દાઉદ

(પહેલા પાનાનું ચાલુ)

ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ ઓપરેશન સંજયસિંહે મોટો ખુલાસો કરતા મીડિયાને જણાવ્યું હતું કે ફેબ્રુઆરી ૨૦૨૨માં ઓપરેશન સમુદ્રગુપ્ત લોન્ચ કરવામાં આવ્યું હતું. જે દરમિયાન સામે આવ્યું છે કે ડ્રગ્સ ટ્રાફિકિંગ માટે સમુદ્રનો ઉપયોગ વધી રહ્યો છે. અને તેમાં મોટા મોટા સિન્ડિકેટ સામેલ છે. આ ઓપરેશનમાં ભારતીય નેવી અને કોસ્ટગાર્ડ મદદ કરી રહ્યા છે. તપાસમાં સામે આવ્યું છે કે ઓપરેશન સિંડિકેટ પાકિસ્તાનથી સંચાલિત થતું હતું, કરાચીના હાજી સલીમ દ્વારા આ આખી સિન્ડિકેટ ચલાવાઈ રહી છે. આ ડ્રગ્સને ભારતમાં ઘૂસાડવા માટે ઈરાની બોટનો ઉપયોગ કરવામાં આવે છે.

SICOM LIMITED

સિક્કોમ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ : સોલિટેર કોર્પોરેટ પાર્ક, બિલ્ડીંગ નં.૪, ચકલા, અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૯૩, ટેલીફોન નં. :- (૦૨૨) ૬૬૫૭૨૭૦૦, વેબસાઈટ www.sicomindia.com

કબજામાં રહેલી સંપત્તિના વેચાણ માટે વ્યાજની અભિવ્યક્તિ (EOI)

SICOM લિમિટેડ, એક જાહેર નાણાંકિય સંસ્થા, **૧૬ જૂન, ૨૦૨૩** સુધીમાં તાજેતરની એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ **(EOIs)** ને નીચે દર્શાવેલ પ્રોપર્ટીની ખરીદી માટે **રસ ધરાવતા પક્ષો પાસેથી અલગ EOI સાથે દરેક પ્રોપર્ટી માટે ઓફર કિંમત ના 1%@EMD સાથે આમંત્રિત કરે છે.**

૧. ''ભોંય તળિયે આવેલ જગ્યાનો તે તમામ ભાગ અને પાર્સલ, ૧૩૩૬૦ ચો.ફૂટ અથવા તેની આસપાસ મોર્ટગેજ ડીડ મુજબ (કાર્પેટ એરીયા ૫૯૯૮.૭૦ ચો.ફૂટ વાસ્તવિક મુજબ. આર્કિટેક્ટ રીપોર્ટના આધારે માપન), અને પ્રથમ માળનું માપન ૧૬૩૧૫ ચો.ફૂટ અથવા તેની આસપાસ મોર્ટગેજ ડીડ મુજબ (કાર્પેટ એરીયા ૭૮૦૨.૭૦ ચોરસ ફૂટ. આર્કિટેક્ટ રીપોર્ટના આધારે વાસ્તવિક માપન મુજબ) મેકેર એટ્રીયમ તરીકે ઓળખાતી બિલ્ડીંગ માં, જે આ જમીન પર સ્થિત છે તે તમામ ભાગ છે અને N.A. નું પાર્સલ જમીન ધરાવતું સર્વે નં. ૬૬૩/B. પૈકી કુલ ૭૫૧૪ ચો.મીટર પશ્ચિમ બાજુની ખુલ્લી જમીન પ્લોટ નં.૧ તરફ પૈકી તેનો વિસ્તાર ૩૭૯૨ ચો.મીટર ગામ : અટલાદરા, જિલ્લો: વડોદરા તેની સાથેની તમામ ઉપયુક્તતાઓ સાથે અને તમામ ફર્નિચર, ફિક્સર, ફીટીંગ્સ, કોમ્પ્યુટર, ફેક્સ મશીન, પ્રિન્ટર અને એરકન્ડીશનર્સ ઈન્સ્ટોલ/ તેમાં સ્થાપિત થવાના છે, વર્તમાન અને ભવિષ્ય બંન્ને.''

૨. ''તે તમામ ભાગ અને રેવન્યુ સર્વે નંબર/બ્લોક નં. ધરાવતી N.A. જમીનોના પાર્સલ ૧૪૪/K અને ૧૪૬/K જૂની R.S. નંબર ૧૪૪ અને ૧૪૬ પૈકી ૧૫,૯૪૧ ચો.મીટર અથવા તેની આસપાસ (૦-૭૮-૦૦ ચો.મી.+ ૦-૮૧-૪૧ =hec ૧-૫૧-૪૧) ગામ હરીપુરા, તાલુકો સાવલી ખાતે, નોંધણી જિલ્લો વડોદરા, ગુજરાત સાથે મળીને બિલ્ડીંગ અને સ્ટ્રક્ચર્સ બાંધવામાં આવ્યા છે. તેના પર બાંધવામા આવશે. સ્વિસ ચેલેન્જ હેઠળ SARFAESI એક્ટની જોગવાઈ ના સંદર્ભમાં મેસર્સ ડાયમંડ પ્રોજેક્ટસ લિમિટેડ દ્વારા SICOM લિમિટેડની તરફેણમાં **''જેમ છે ત્યાં છે, જેમ છે ગમે ત્યાં છે અને આશ્રયના આધારે અને કોઇપણ વોરંટી અને ઓળખાણ વિના''** પધ્ધતિ.

સંપત્તિની વિગતો અને વેચાણના નિયમો એ શરતો અમારી વેબસાઈટ www.sicomindia.com પર ઉપલબ્ધ છે. સર્વોચ્ચ ઓફર ધરાવનાર પક્ષને સ્વિસ ચેલેન્જ હેઠળ પછીથી હાથ ધરવામાં આવનાર અસ્કયામતોની હરાજીમાં પ્રથમ ઇનકારનો અધિકાર મળશે.

સ્થળ : મુંબઈ
તારીખ : મે, ૧૫, ૨૦૨૩.

Sd/-
પ્રમાણિત સહિ કર્તા,
SICOM લિમિટેડ.

IndianOil

માર્કેટિંગ વિભાગ — ગુજરાત રાજ્ય કાર્યાલય

ગુજરાતમાં રિટેઇલ આઉટલેટ્સ (પેટ્રોલ/ડીઝલ પંપો) માટે જમીન જોઈએ છે

આ જાહેરાત ફક્ત જમીન ખરીદી/લાંબા ભાડાપટ્ટે લેવા માટે છે અને ડીલરશિપની નિયુક્તિ માટે નથી

ઈન્ડિયન ઑઇલ